ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# મનપા દ્વારા પ્રથમ બે વર્ષ અને પાંચ વર્ષના વિઝન-ગોલ નિયત કરાશે

**કાઉન્સીલરો પાસેથી પણ મારો વોર્ડ - આગવો વોર્ડ બનાવવા મહત્વના પ્રશ્નો માટે સૂચનો મેળવવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બે વર્ષ માટે અને પાંચ વર્ષના અંતે નગર કેવું હશે તેના વિઝન અને ગોલને નિયત કરી આગામી દિવસોમાં આગળ વધશે.

મહાનગરપાલિકામાં એકલા હાથ સત્તા સંભાળ્યા પછી ભાજપના ચૂંટાયેલા પદાધિકારીઓએ તંત્રના અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો કર્યા બાદ તંત્રને વિઝન અને ગોલ નિયત કરવા માટે જણાવ્યું છે.

મનપામાં પહેલીવાર વિઝન અને ગોલ સાથે આગળ વધવાની રણનીતિ સાથે વહીવટીય પ્રથા જે હાલ છે તેમાં પણ પરિવર્તન આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરના પ્રશ્નો અને તેના ઉકેલ માટે તંત્રની વ્યુહરચના આ વિઝનમાં આવરી લેવાશે અને પછી આ અંગેના ગોલ નિયત કરવામાં આવશે.

દરમિયાન ચૂંટાયેલી પાંખે તમામ ચૂંટાયેલા સભ્યો પાસેથી તેમના વોર્ડમાં ઉકેલ માગતા અગ્રતાના પ્રશ્નોને લઈ પણ સૂચનો માંગવાની વ્યુહરચના તૈયાર કરી દીધી છે. ગોલ નિયત કરાયા પછી બજેટની ફાળવણી અને યોગ્ય કામગીરી, યોગ્ય સંકલન સાથે હાથ ધરી આગળ વધવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે.

વિઝન પ્રથમ બે વર્ષનું અને વિઝન પાંચ વર્ષનું એમ બે ભાગમાં વહેંચાયેલું હશે. બીજી ચરફ આગામી દિવોસમાં વાયબ્રન્ટને લઈ ગાંધીનગર મનપાની આગવી ઓળખ ઉભી થાય તે માટે કેટલાક શોર્ટ ટર્મ ગોલ પણ નિયત કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

વહીવટીય પ્રથામાં વિઝન અને ગોલ નિયત કરવાની પ્રથા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૦માં ગુજરાતના સ્થાપનાની સ્વર્ણિમ જયંતિની ઉજવણી વખતે લાગુ કરી હતી જે નોંધનીય છે.

કેટલાક વહીવટીય નિષ્ણાતોના કહેવા પ્રમાણે વિઝન અને ગોલ હોય તો કામગીરી સરળ બને છે તેમજ યોગ્ય સંકલન તંત્રમાં ઉભું થતું હોય છે તે એટલું જ નહિ સંતુલિત વિકાસનો ધ્યેયપણ સફળ થાય છે.

# એક જ દિવસમાં પારો ૩ ડિગ્રી ગગડતા ઠંડી વધી

**લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રીમાંથી ઘટીને ૧૪ ડિગ્રીને પહોંચતા પુનઃ ઠંડી અનુભવાઈ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ઠંડીની વધઘટ ચાલુ છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૩ ડિગ્રી જેટલો ઘટાડો થતાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

ગયા અઠવાડિયે વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. વાદળોની અવરજવર પણ આકાશમાં જોવા મળી હતી. વાદળોની અવરજવર વચ્ચે ગાંધીનગરમાં ઠંડીમાં પણ વધઘટ જોવા મળી હતી. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી નોંધ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૩ ડિગ્રી ગગડીને ૧૪ ડિગ્રી નોંધાયું છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી જેટલું ગગડતા ઠંડીનો ચમકારો પુનઃ અનુભવાયો છે. હજુ ગઈકાલે દિવસ અને રાત હુંફાળી લાગતી હતી. જ્યારે ઠંડી વધતા વસાહતીઓને ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવા પડ્યા હતા. વાતાવરણમાં થઈ રહેલા ફેરફાર સંદર્ભે ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે, હાલમાં હવાનું હળવું દબાણ સર્જાયું છે. જેના કારણે વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. આગામી એકાદ-બે દિવસમાં વાતાવરણમાં વધુ ફેરફાર થઈ શકે છે અને રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠું પડી શકે છે.

# ગુડાના ટી.પી. વિસ્તારોમાંથી મનપાને ૧૦૦ જેટલા વિવિધ પ્લોટ મળશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલ ૧૮ ગામ અને એક નગરપાલિકાના વિસ્તાર પછી આ ગામોમાં જે ટી.પી. યોજનાઓ બની છે તેમાંથી ગુડાને પ્રાપ્ત થયેલા ૧૦૦ જેટલા પ્લોટનો કબ્જો આજથી મહાનગરપાલિકા દ્વારા સંભાળવામાં આવશે.

ગાંધીનગર શહેરની હદ વધતાં સરકારે કરેલા નિર્ણયને પગલે ટાઉન પ્લાનીંગને આગળ ધપાવવા માટે હવે મનપાને સત્તાઓ સોંપવામાં આવી છે.

૧૦૦ જેટલા જુદી જુદી કેટેગરીના આ પ્લોટનો કબ્જો મેળવ્યા પછી મનપા દ્વારા તેને કમ્પાઉન્ડ વોલ બનાવી રક્ષિત કરી લેવાશે અને તેના ડેવલપમેન્ટ માટે અલગથી આયોજન કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર



ચ માર્ગ પર ૭-૮ કટ પાસે અકસ્માત - ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા ચાલકો નજરે પડે છે. ટ્રાફિક નિયમોની ઐસી તૈસી કરીને વાહન ચલાવતા ચાલકો ગમે તે સમયે અકસ્માત નોંતરે છે. ત્યારે આજે બપોરના સુમારે ચ માર્ગ પર ૭-૮ કટ પાસે વર્ના કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવકને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયો હતો.જો કે કાર અને બાઈકને મોટીમાત્રમાં નુકશાન થયું હતું. અકસ્માત સર્જાતા નગરજનો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

# રાજ્યમાં નવા ૨૯ કોરોના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૫

રાજ્યમાં કોરોનાનો કહેર તબક્કાવાર રીતે ધીરે ધીરે વધી રહ્યો છે. આજે રાજ્યમાં ૨૯ નવા કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૨૪ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૫૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી.

રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં ૪,૬૨,૩૮૦ નાગરિકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં હાલ કુલ ૨૩૫ નાગરિકો એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૩૧ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૫૪ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે. ૧૦૦૯૦ નાગરિકોના અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યા છે.

જો કે રાહતના સમાચાર છે કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું. રાજ્યમાં અમદાવાદમાં ૧૫, વલસાડમાં ૫, વડોદરા કોર્પોરેશનમાં ૪, સુરત ૨, જામનગર, ખેડા, સુરત કોર્પોરેશનમાં ૧-૧ કેસ સામે આવ્યા હતા. આ પ્રકારે કુલ ૨૯ નવા કેસ નોંધાયા હતા.

જો રસીકરણની વાત કરીએ તો હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૫ ને પ્રથમ જ્યારે ૧૩૦૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૩૩૭ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૧૧૧૭૦૩ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૨૬૫૭ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૩૦૬૩૭૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૪,૬૨,૩૮૦ નાગરિકોનું રસીકરણ આજે કરાયું હતું. આ પ્રકારે કુલ ૭,૪૮,૦૨,૫૯૫ રસીકરણ થઇ ચુક્યું છે.

# જિલ્લામાં ૮૦૦૭ને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૮ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામ્યવિસ્તારમાં ૬૨૨૧ લોકોને તથા શહેરી વિસ્તારમાં ૧૭૮૬ લોકોને આજે વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આજે વેક્સિન લેનારા લાભાર્થીઓમાં બીજો ડોઝ વેક્સિનનો લેનારા વધુ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૮,૧૭,૨૪૦ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૫,૨૯,૦૭૭ લોકોએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે.

ગાંધીનગર શહેરમાં ૩,૬૪,૦૬૫ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૨,૩૨,૪૯૫ લોકોએ વેક્સિનના બન્ને ડોઝ લઈ લીધા છે. જિલ્લામાં વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે તંત્ર દ્વારા તૈયાર કરાયેલ રોડમેપ મુજબ આગળ વધવામાં આવી રહ્યું છે.

# મનપામાં વાહન વેરાની આવક વધી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાને વાહનવેરા પેટે આ છેલ્લા ત્રણ માસમાં જ રૂ. એક કરોડ જેટલી જંગી આવક થવા પામી છે.

નવરાત્રી, દિવાળીના પવિત્ર તહેવારો દરમ્યાન વાહનોની ખરીદી વધતાં મનપાને વાહનવેરાની આવક ઉભી થઈ છે. ગાંધીનગર શહેરમાં આ વર્ષ દરમ્યાન જ ૭ હજાર જેટલા નવા વાહનો ખરીદાયા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વાહન વેરાની આવકના અંદાજો અંદાજપત્રમાં જે નિયત કરાયા હતા તેની સામે ૮૦ જેટલી આવક અત્યાર સુધીમાં થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા ત્રણ માસમાં જ મનપાને વાહનવેરાની આવક રૂ. ૧૮૨ લાખ જેટલી થઈ હોવાનું વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિના દરમ્યાન જ ૧૫૦ લાખ રૂ.ની આવક થઈ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

# ગુડાના ટાઉન પ્લાનીંગ સ્કીમમાં આંતરિક માર્ગોનુ વાઈડનીંગ કરાશે

**ગાંધીનગરમાં વધતા વાહનોની સાથે ટ્રાફિકનો સિનારિયો બદલાયો ગુડા વિસ્તારમાં પણ અત્યારથી જ માર્ગોના વાઇડનીંગનુ આયોજન અનિવાર્ય હોવાથી ટાઉન પ્લાનીંગ સ્કીમોના માર્ગોને પહોળા કરવાનુ પણ ગુડાએ આયોજન કર્યુ છે જો કે કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ આ સ્કીમોમાં હવે મહાનગરપાલિકોએ પણ આ મુજબ કામગીરી કરવાની રહેશે નહીંતર ટ્રાફિક જામની સમસ્યા ઉદભવશે**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા દોઢ દાયકામાં વાહનોની સંખ્યા બમણીથી વધુ થઈ જતા ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધતા અન્ડર પાસ તેમજ સર્વિસ રોડ સહીતના આયોજન સાથે રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિનો અભ્યાસ કરીને ગુડા દ્વારા પણ વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં આંતરિક માર્ગોને પહોળા કરવા માટે આયોજન કર્યુ છે. જો કે હવે ગુડાનો મોટાભાગનો વિસ્તાર હવે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઈ જતા આ મામલે કોર્પોરેશન કક્ષાએથી પણ ટુંકમાં યોગ્ય આયોજન કરવામાં નહી આવે તો ભાવિ સંજોગોમાં ટ્રાફિકની સમસ્યા પેચીદી બનશે તે વાત સ્પષ્ટ છે.

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકામાં વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં ટ્રાફિકનો સિનારિયો બદલાતા તબક્કાવાર મોટાભાગના માર્ગોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. હાલ શહેરના મુખ્યમાર્ગો સિકસલેન છે. ત્યારે હવે સેકટરોના એપ્રોચ માર્ગો તેમજ રીંગ રોડનુ પણ વાઈડનીંગ કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં નગરના મુખ્ય ચ માર્ગ ઉપર પણ અન્ડર પાસનુ નિર્માણ કરવામાં આવશે. ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારને અનુલક્ષી ગુડાએ પણ આંતરિક માર્ગોને પહોળા કરવા માટે આયોજન કર્યુ છે. કોલવડા, કુડાસણ, કોબા, રાંદેસણ સહીતની ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં ૮૦ ફુટના પહોળા રસ્તા મુકીને તેનો અમલ કરાયો છે. જયારે ગુડાએ કોલવડાની ટી પી સ્કીમ નંબર ૧૪ અને ૧૫ કુડાસણ અને કોબાની ટી પી સ્કીમ નંબર ૩ ધોળાકુવાની ટી પી સ્કીમ નં -૪ અને રાંદેસણ , કુડાસણ, રાયસણની ટી પી સ્કીમ નં -૧૮ માં આંતરિક માર્ગોને પણ ૮૦ ફુટ પહોળા રાખવામાં આવ્યા છે. ગુડાએ માર્ગ વાઈડનીંગની

● અનુસંધાન પાન-૭ પર

## શહેરી સડક યોજના અન્વયે ગાંધીનગરમાં ૫ કરોડના કામો થશે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયના ત્રણ મહાનગરોના વિકાસ કામો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. જેમાં સુરત રાજકોટ ગાંધીનગર મહાનગરોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કુલ ૬૦૭ કરોડના વિવિધ કામોને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. જયારે આ અંતર્ગત ગાંધીનગરમાં પણ શહેરી સડક યોજનાના ત્રણ કામોને મંજુરી આપવામાં આવી છે.

જયારે આ માટે રૂ ૫ કરોડની ફાળવણીની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. જે મુજબ ચાર ટી પી સ્કીમમાં માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે જેમાં ઝુંડાલ, ભાટ, કોટેશ્વર, કોબા, વાસણા, હડમતીયા, સરગાસણ અને રાંધેજામાં હયાત ડામર રસ્તાના કામો હાથ ધરાશે. ગુડા વિસ્તારમાં સ્થિત ટી પીને અનુલક્ષી આમ પણ માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવી રહ્યો છે. ત્યારે માર્ગ સુધારણાની આ યોજનાથી સ્થાનિકોન યોગ્ય રોડ નેટવર્ક મળશે.

**ગાબડાથી ઘેરાયેલી ફુટપાથ**

# હવે સફાઈના અભાવે ઝાડી જાંખરાના લીધે અડધી ઢંકાઈ ગઈ

**વરસાદી દિવસો બાદ દિવાળીના અંતે શહેરમાં સફાઇ કામગીરીના અભાવે ઠેર ઠેર ગંદકી : વન આરક્ષિત વિસ્તારમાં ઉગી નિકળેલી બિનજરૂરી વનસ્પિત હવે ફુટપાથને ઘેરી વળી**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં દિવાળીના અંતે પણ વન આરક્ષિત વિસ્તારમાં સફાઈ કામગીરી કરવામાં આવી નથી ત્યારે હવે વન આરક્ષિત વિસ્તારની સાથે નગરના વોક વે પર પણ બિનજરૂરી ઘાસ અને વનસ્પિત ઉગી નિકળી છે. ફુટપાથ વર્જના બ્યુટીફિકેશનની કામગીરી ઉપર પણ બ્રેક વાગી ગઈ છે. જેના લીધે છેલ્લા બે વર્ષથી વોક વે પર અસ્તિત્વમાં આવેલા ગાબડા પણ



પર આમ પણ ગાબડા જોવા મળે છે. બીજીતરફ સફાઈ પણ થઈ નથી ગત વર્ષે કોરોના કાળના લીધે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન ન થતા શહેરમાં સફાઈ અને બ્યુટીફિકેશનના કામો લાંબા સમયથી થયા નથી આ સ્થિતિમાં સ્માર્ટ સીટીમાં નજર નાંખો ત્યાં બિહામણાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ફુટપાથ પર કચરાના ઢગ ખડકાયા છે જેના લીધે વોકીંગ કરનારાઓની મુંઝવણમાં વધારો થયો છે.

ગાંધીનગરમાં દર વખતે વાઈબ્રન્ટ સમિટના આયોજનને ધ્યાનમાં રાખીને સફાઈ તેમજ બ્યુટીફિકેશનની કામગીરી માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ કોરોનાના લીધે ગત વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ ન હતુ જેના લીધે નગરમાં ફુટપાથ તેમજ માર્ગોની સુધારણા સહીત વન આરક્ષિત વિસ્તારની સફાઈ અને સેન્ટ્રલ પુરવામાં આવ્યા નથી. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી વી આઈ પી મહાનુભાવોને ધ્યાનમાં રાખી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ સ્થાનિક નાગરિકોની સમસ્યા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખવાની વાત તદન વિસરાઈ ગઈ છે. શહેરમાં દિવાળી દરમિયાન સફાઈ કામગીરીના નામે પણ મીંડુ ચિતરાયેલુ જોવા મળ્યુ છે. સેકટરોમાં શેરી સફાઈનો પ્રશ્ન પણ હજુ યથાવત છે. બીજીતરફ નગરના વન આરક્ષિત વિસ્તારમાં પણ વરસાદી દિવસોના અંતે ઉગી નિકળેલુ ઘાસ અને બિનજરૂરી વનસ્પિત હજુ સુધી દુર કરવામાં આવી નથી. જયારે હવે વન આરક્ષિત વિસ્તારને અડીને સ્થિત ફુટપાથ પર પણ જાડી જાંખરા ઉગી નિકળ્યા છે. જેના લીધે વોક વે પર ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કેટલાક ઠેકાણે તો અડધી ફુટપાથ ઢંકાઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com